ગાંધીનગર રચનાત્મક સેવા સમિતિ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૨૬

દહેગામ શહેર તથા તાલુકાના ધોરણ-૧૦, ધોરણ-૧૨ પાસ તેમજ ટી.વાય.બી.કોમ., બી.એ., બી.એસ.સી. તેમજ કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક તથા અનુસ્નાતક થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓને તા. ૯મી સપ્ટેમ્બર-૨૦૧૨ને રવિવારે જી.એમ.એન. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દહેગામ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સન્માન સમારંભ યોજાશે.

તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારંભમાં ધોરણ-૧૦માં ૭૫ ટકા ઉપર, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૦ ટકા અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૦ ટકા ઉપર આવ્યું હોય તથા સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓએ પોતાના પરિણામની નકલ પાછળ મોબાઈલ નંબર તથા પોતાનું પુરેપુરૂ સરનામુ લખીને મુકેશભાઈ અમીન દહેગામ મો. નં. ૯૮૨૫૩૩૮૩૩૨, યોગેન્દ્રભાઈ શર્મા ભગવતી ડેરી ફાર્મ, મામલતદાર કચેરી સામે, દહેગામ, કમલેશભાઈ શાહ મો. નં. ૯૯૯૮૮૯૪૮૨૫, ત્રિવેણી હાર્ડવેર, સરદાર શોપીંગ સેન્ટર દહેગામ અથવા જગદીશભાઈ પટેલનો વિકલાંગ હાઈસ્કૂલ, દહેગામ ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

અભિલેખાગાર ખાતા દ્વારા વિવેકાનંદ ક્વિઝ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ પ્રસંગે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની અધિક્ષક જિલ્લા દફતર કચેરી ગુજરાત રાજ્ય અભિલેખાગાર જૂનાગઢ દ્વારા એસ.વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, માંડવી ખાતે વિવેકાનંદ ક્વીઝ યોજવામાં આવી હતી.

અભિલેખાગાર ખાતા દ્વારા યોજાયેલી વિવેકાનંદ ક્વીઝ સ્પર્ધામાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્વાગત પ્રવચન કોલેજના આચાર્યા કિર્તિદાબેન વ્યાસે કર્યું હતું. વિષયને અનુરૂપ તથા અભિલેખાગારના કાર્યો અને ઉપયોગિતા વિશે રસપ્રદ પ્રવચન જૂનાગઢના અધિક્ષક જિતેન્દ્ર શાહે આપ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ યોજવામાં આવી હતી. સમગ્ર કાર્ય અંગે જરૂરી માર્ગદર્શન અભિલેખાગાર ખાતાના નિયામક એ.સી. દેસાઈએ આપ્યું હતું. આભારવિધિ અને સંચાલન ડૉ. મહેશભાઈ બારડે કર્યુ હતુ.

ધોરણ-૯,૧૦ના વિદ્યાર્થીઓ માટે ગણિત-વિજ્ઞાન પ્રશ્નોત્તરી કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ગણિત-વિજ્ઞાન પ્રશ્નોત્તરી કાર્યક્રમ યોજાય છે. તે અંતર્ગત ધો-૯ના પ્રકરણ-૫ પરમાણુનું બંધારણ અને ધો-૧૦ના પ્રકરણ-૭ એસિડ, બેઈઝ અને ક્ષાર તથા પ્રકરણ-૧૭ આપણું પર્યાવરણ વિશે પ્રશ્નોત્તરી યોજાશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ આગામી તા. ૨૭મી ઓગષ્ટના રોજ અને તેનું પુનઃ પ્રસારણ આગામી તા. ૨જી સપ્ટેમ્બરના રોજ બપોરે ૧ થી ૨.૩૦ દરમિયાન દુરદર્શન ડીડી-૧૧ પરથી કરવામાં આવશે. ધો-૯ના તજજ્ઞ ડૉ. ચેતનભાઈ લીંબાચિયા છે અને ધો-૧૦ના તજજ્ઞ ડૉ.અતુલ મકવાણા છે. ધો-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોને સરળ બનાવવા માટેનો આ કાર્યક્રમ છે.

સરકારી જિલ્લા પુસ્તકાલયમાં સંસ્કૃત સંભાષણ વર્ગનો સમાપન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

ભારતીય શિક્ષણ મંડળ, ગાંધીનગર અને સરકારી જિલ્લા પુસ્તકાલય સેક્ટર-૨૧ના સંયુક્ત ઉપક્રમે કાર્યશીલ સંસ્કૃત શિક્ષણ અને સંભાષણ વર્ગોનું આયોજન સરકારી જિલ્લા પુસ્તકાલયમાં ડૉ. અંબાલાલ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેનો સમાપન સમારોહ ગત રોજ યોજાયો હતો.

સંસ્કૃત સંભાષણ વર્ગોમાં ધોરણ-૬ થી એમ.એ. કક્ષા સુધીના ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને સંસ્કૃત ભાષામાં વાતચીત કેવી રીતે કરવી તેની તાલીમ યોજવામાં આવી હતી. પ્રસ્તુત વર્ગોના સમાપન સમારોહ પ્રસંગે રામકૃષ્ણ મિશન ગાંધીનગરના સંયોજક રજનીભાઈ ભટ્ટ અધ્યક્ષપદે ખાસ હાજર રહ્યા હતા અને તેઓએ સંભાષણમાં દક્ષતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સંસ્કૃત દક્ષના પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં તેમણે જણાવ્યુ હતું કે, ભારતનો દરેક નાગરિક સંસ્કૃતમાં વાતચીત કરતો થાય એવું સ્વપ્ન સ્વામી વિવેકાનંદનું હતુ. સંસ્કૃત સંભાષણના વર્ગોથી એ સ્વપ્ન સાકાર થશે એવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ડૉ. સોમભાઈ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું. અને ડૉ. જિજ્ઞાસાબહેન જોષીએ કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોનો આભાર માન્યો હતો.

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જ્ઞાન સાથે કૌશલ્યો અને અભિગમ વિકસાવવાનો વિશિષ્ટ પ્રયોગ

ગાંધીનગર, તા. ૨૬

બાળકોમાં જ્ઞાન, કૌશલ્યો અને અભિગમ વિકસાવી તેમનો સર્વાંગી વિકાસ કરવા કૃતનિશ્ચયી યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા તાજેતરમાં બાળકો અને શિક્ષકોની વિચાર તથા લેખન શક્તિ વિકસાવી તેની અસરકારક રજૂઆત કેવી રીતે કરવી તે માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

બાળકો માટે 'એક બાળક તરીકે દેશ માટે હું શું કરી શકું?' અને 'મારા સ્વપ્નનું ભારત' એ બે વિષય પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી અને તેમને મૌલિક રજૂઆત માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

બીજો કાર્યક્રમ પેનલ ડિસ્કશનનો હતો, જેમાં નિષ્ણાત પેનલિસ્ટ્સને બાળકોએ સ્વવિકાસ દ્વારા રાષ્ટ્રવિકાસને લગતા વિવિધ ક્ષેત્રો અંગે પ્રશ્નો પૂછ્યા હતા. પેનલિસ્ટ તરીકે નિવૃત્ત શિક્ષક જગદીશચંદ્ર ભટ્ટ, નિવૃત્ત નાયબ કલેક્ટર માધુભાઈ પટેલ, ઉદ્યોગપતિ અને સમાજસેવક પ્રવીણભાઈ જયસ્વાત તથા નિવૃત્ત આચાર્ય અશોકભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષકો માટે ડિબેટનું આયોજન કરવામાં આવ્યું હતું. 'શું ભારતનું ભવિષ્ય ઉજ્જવળ છે ?' વિષય પર શિક્ષકોએ તાર્કિક દલિલો, તથ્યો વગેરે રજૂ કરીને પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. આ ઈવેન્ટના જજ તરીકે રજનીભાઈ પટેલે પોતાની સેવા આપી હતી, જેમણે શિક્ષકોને વિચારોની અભિવ્યક્તિની અસરકારકતા વધારવા ઉપયોગી સૂચનો કર્યાં હતાં. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ 'સચ હોંગે અપને સપને' વિષયે વિવિધ મનમોહક કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પધારેલા નીજુવિડી સીડ્સના જનરલ મેનેજર વી કે પટેલે ટૂંકા ગાળામાં શાળાએ કરેલી નોંધપાત્ર પ્રગતિને બિરદાવી હતી અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન સૌનલ પટેલ અને કોમલ પ્રેમલાણીએ કર્યું હતું.

ગાંધીનગરમાં જિલ્લા સ્તરની ફેન્સીંગ સ્પર્ધા યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસિએશન દ્વારા સેક્ટર-૨૪ની સ્વામી વિવેકાનંદ શાળામાં જિલ્લાકક્ષાની ફેન્સીંગ સ્પર્ધા યોજવામાં આવશે. ૧લી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનારી ફેન્સીંગ સ્પર્ધામાં ૧૪ વર્ષની ૧૮ વર્ષ સુધીના ભાઈ-બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકને રાજ્યકક્ષાની સ્પર્ધામાં મોકલવામાં આવશે. ગાંધીનગર જિલ્લા ફેન્સીંગ એસોસીએશન દ્વારા તારીખ ૧ સપ્ટેમ્બરના રોજ સ્વામી વિવેકાનંદ પબ્લીક સ્કૂલ સેક્ટર-૨૩ ખાતે ૧૪ વર્ષ અને ૧૭ વર્ષથી નીચેની વયના ભાઈઓ-બહેનો માટે જિલ્લાકક્ષાની ફેન્સીંગ (તલવારબાજી) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૩મી ગાંધીનગર ડિસ્ટ્રીકટ ફેન્સીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૨-૧૩માં ભાગ લેનાર તમામ ખેલાડીઓને પ્રમાણપત્ર તથા વિજેતા ખેલાડીઓને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે તેમજ આ સ્પર્ધા દરમિયાન આગામી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે ગાંધીનગર જિલ્લાની ટીમની પસંદગી કરવામાં આવનાર હોવાનું એસોસીએશનના પ્રમુખ સંજીવ મહેતાએ જણાવ્યું છે.

સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર શાળાને ચેમ્પીયનશીપ ટ્રોફી એનાયત કરવામાં આવનાર છે. આ માટે શાળા કે સંસ્થાએ મેળવેલ મેડલ મુજબ ગોલ્ડમેડલ માટે પાંચ પોઈન્ટ, સીલ્વર મેડલ માટે ત્રણ પોઈન્ટ અને બ્રોન્ઝ મેડલ માટે એક પોઈન્ટ પ્રમાણે ગણતરી કરી સૌથી વધારે પોઈન્ટ મેળવનાર શાળાને ચેમ્પીયનશીપ ટ્રોફી એનાયત કરવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા મંગતી શાળાઓ, સંસ્થાઓ અને ખેલાડીઓએ સંસ્થાના મંત્રી ભરતજી ઠાકોરનો મો. નં. ૯૯૭૯૦૫૫૬૬૦ પર સંપર્ક કરી રજીસ્ટ્રેશન ૧લી સપ્ટેમ્બર પહેલા કરવાવવાનું રહેશે.

આવતીકાલે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે જિલ્લાકક્ષાની સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

નેશનલ સાયન્સ સેમીનાર-૨૦૧૨ માટે ગાંધીનગર જિલ્લાકક્ષાની સ્પર્ધા તા. ૨૮મી ઓગષ્ટ-૨૦૧૨ને મંગળવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે.

નેશનલ સાયન્સ સેમીનારનો વિષય 'ભારતીય ગણિત : વર્તમાન, ભૂતકાળ અને ભવિષ્ય' રાખવામાં આવ્યો છે. ભારતમાં થયેલ ગણિતની શોધ તેનો ઉપયોગ ભૂતકાળમાં, વર્તમાનમાં, ભવિષ્યમાં કઈ રીતે થશે તેનો ખ્યાલ વિદ્યાર્થીઓને આપવાનો રહેશે. આ વિષય અંતર્ગત વિદ્યાર્થીઓએ ૬ મિનિટમાં રજૂઆત કરવાની રહેશે. આ વક્તૃત્વ સ્પર્ધા નથી એટલે વિદ્યાર્થીઓએ વિષયને અનુરૂપ આર્ટસ, સ્લાઈડ્સ, કોમ્પ્યુટર, પી.સી.ટી.માંથી ગમે તે એક માધ્યમની વધુમાં વધુ પાંચ સ્લાઈડ અથવા ચાર્ટસ રજૂ કરવાનાં રહેશે. આ સ્પર્ધા માટે એક માધ્યમિક શાળામાંથી એક જ વિદ્યાર્થી ભાગ લેશે. આ અંગેની વધુ માહિતી હાર્દિક મકવાણા મો. નં. ૯૪૨૬૪-૫૧૧૦૨ પર સંપર્ક કરવાથી મળી શકશે.

ચૌધરી કન્યા શાળાના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ અને સફાઈ અભિયાન ચલાવ્યું

ગાંધીનગર, તા.૨૬

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયના વિવિધ 'દળ' દ્વારા ગત તા. ૨૪ ઓગષ્ટના રોજ ઊર્જા છાયા વાવેતર તેમજ મેદાન સફાઈનો કાર્યક્રમ યોજાયો હતો.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગના વિવિધ સંગઠનો એન.એસ.એસ. એન.સી.સી., ઈકો કલબ, બાળ ઊર્જા રક્ષકદળ, પ્રવાસન મંડળ તેમજ ગણિત-વિજ્ઞાન કલબ દ્વારા વિવિધ વિસ્તારોમાં ઊર્જા-છાયા-વૃક્ષ વાવેતરનો કાર્યક્રમ કર્યો હતો. આ દરમિયાન તમામ સંગઠનના વિદ્યાર્થીઓએ શાળાનું મેદાન તેમજ આસપાસના વિસ્તારોની સફાઈ કરી હતી.

આરોગ્ય મંડળના વિદ્યાર્થીઓએ દવાનો છંટકાવ કર્યો હતો અને વિદ્યાર્થીઓને ચેપી રોગોથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ કરવો તેમજ આરોગ્ય સંબંધી સૂચનાઓ આચાર્યા સંતોકબેન ચૌધરી દ્વારા આપવામાં આવી હતી.

સ્વામી વિવેકાનંદના પત્રોમાંથી પ્રગટતું જીવનદર્શન

સ્વામી વિવેકાનંદની દોઢસોમી જન્મજયંતિ સમગ્ર ભારતવર્ષ ઉજવી રહેલ છે. વિવિધ શાળાઓ-મહાશાળાઓમાં પણ સ્વામી વિવેકાનંદ સ્ટડી સેન્ટરોની સ્થાપના થઈ ચૂકી છે. સ્વાવી વિવેકાનંદના નવા ગ્રંથો વસાવવમાં આવી રહ્યાં છે. આ નિમિત્તે સ્વામીશ્રીના વિવિધ પુસ્તકોમાંથી 'સ્વામી વિવેકાનંદના પત્રો' પુસ્તક અનેક રીતે પ્રેરક છે.

સ્વામીશ્રીએ આ પત્રો એમનાં શિષ્યો, અનુયાયીઓ, મિત્રો, સ્વજનો, સહકાર્યકરો વગેરેને સંબોધીને જે - તે સમયે લખેલાં છે, જેમાંથી સ્વામીશ્રીનું ભારતવર્ષના અધ્યાત્મ, ધર્મ, સંપ્રદાયો, જીવન, જ્ઞાતિ, વર્ણ-વર્ગભેગ, લોકો, રીતિરિવાજો, પરંપરાઓ, ધન, રાજકારણ, જન્મ-પુર્નજન્મ, આત્મા-પરમાત્મા, કર્મ, ઈશ્વરનું સ્વરૂપ વગેરે જેવા તત્ત્વચિંતનના વિષયો ઉપરાંત ભારતનાં ઉજ્જવળ ભાવિના નિર્માણ માટેનું ચિંતન પ્રગટ થાય છે.

ધનને અને કીર્તિને સ્વામીશ્રી તુચ્છ ગણતા. એક પત્રમાં ગરીબી વિષે ઉલ્લેખ કરતાં તેઓ લખે છે, 'તમે ગરીબ છો એવું ધારશો નહિ, ધન એ કંઈ ખરી શક્તિ નથી, પણ સૌજન્ય અને પવિત્રતા એ જ ખરી શક્તિ છે.' એટલે, સ્વામીજીને મન 'ધન' ગૌણ અને વ્યક્તિના ચારિત્ર્ય ઘડતરમાં જેનો ફાળો સૌથી વધુ છે. એવા ગુણ, 'પવિત્રતા' અને 'સૌજન્ય' મુખ્ય હતા.

આ પત્રો સ્વામીજીના વિવિધ પ્રવાસો દરમિયાન જે - તે વ્યક્તિને લખાયેલાં છે. સ્વામીજી બીજાનું ભલું કરવાનું પુણ્ય રહેલું છે અને પ્રત્યે અત્યંત આદરભાવ ધરાવતા હતા. નારીને નારાયણી અને સાક્ષાત્ લક્ષ્મીનું રૂપ તેઓ ગણતા. સાથે, ઈશ્વરીય તત્ત્વ પણ સ્ત્રીમાં રહેલું છે અને લજ્જા જ સ્ત્રીનું આભૂષણ છે એમાં તેઓ વિશ્વાસ ધરાવતા હતા. ભારતવર્ષમાં થતી સ્ત્રીઓની ઉપેક્ષા અને શોષણ, અન્યાય અને અનાદરથી તેઓ ખિન્નતા અનુભવતા.

ભારતમાં નીચલા વર્ગના લોકોને થતાં અન્યાયો અને જુલ્મો પરત્વે તેઓ વ્યથિત થતા. તેઓ માનતા કે રાષ્ટ્રની સમૃધ્ધિ, શિક્ષણ, સંસ્કૃતિ એ સર્વ કાંઈ રાષ્ટ્રના તમામ વર્ગમાં, ખાસ કરીને નીચલા વર્ગના લોકો સુધી પહોંચવા જોઈએ. અને આ બધું કેળવણીનાં અભાવે થાય છે તેવું એ કહેતા. કેળવણી એટલે જડ શિક્ષણ નહીં. ગામડાનો ખેડૂત, મજૂર, સ્ત્રી વર્ગ સુધી કેળવણી પહોંચાડવી હોય તો એનો ઉપાય સૂચવતાં તેઓ કહેતા કે કેળવાયેલા વિદ્વાનો, સંન્યાસીઓ પ્રજાને ઈતિહાસ, ખગોળશાસ્ત્ર, નીતિ-ધર્મની ભાવનાઓ અને આધ્યાત્મિક વિચારો સામે ચાલીને જઈને આપે તો રાષ્ટ્ર વધુ વેગથી પ્રગતિશીલ બને.

ભારત વર્ષ કેળવણી પરત્વે ઘણું અજ્ઞાન રહ્યું. એ પરત્વે તેઓએ એનું કારણ દર્શાવતાં એક પત્રમાં લખ્યું છે કે, બ્રાહ્મણો અને ક્ષત્રિયો આ બે વર્ગના લોકોની ગરીબ અને અજ્ઞાની વર્ગના લોકોના માલિક થવાની મહત્ત્વાકાંક્ષાએ આ દેશને ઘણું નુકસાન પહોંચાડ્યું છે, છતાં ભારત વર્ષ એની ધર્મ પ્રત્યેની અપૂર્વ શ્રધ્ધાને કારણે એની જીવનશક્તિ ટકાવી શક્યું છે.

સહિષ્ણુતા અને સમભાવમાં, સદ્‌ભાવના અને સદ્ આચરણમાં ભારત વર્ષને દુનિયાની કોઈ પ્રજા પહોંચી શકે એમ નથી એવું એ દૃઢતાથી માનતા અને જયાં પણ જતાં ત્યાં આ કહેતા. પોતાના અનુયાયીઓને પ્રેરણા આપવા એમણે લખ્યું છે કે, 'સંપૂર્ણ સચ્ચાઈ, પવિત્રતા, પ્રખર બુધ્ધિ અને સર્વવિજયી ઈચ્છાશક્તિ વાળા માત્ર મઠ્ઠીભર માણસો જ જો કામ કરે તો આખી દુનિયામાં ક્રાંતિ આવી જાય.'

સખત પરિશ્રમ, અનુશાસન, વિવેક, દયા, યોગ, સાદગી, સરળતા, સદ્‌ભાવના અને ત્યાગમાં તેઓ જીવનનું સાર્થક્ય જોતા. પરંતુ તેમનો સૌથી મોટો ગુણ હતો નીડરતા. મહાન કાર્ય કરવાની ઈચ્છાશક્તિ મજબૂત હોય તો માર્ગ સરળ બનશે જ એવી એમની દૃઢ શ્રધ્ધા હતી. વિચારોની સંકુચિતતા ત્યજીને જે દક્ષતાથી કાર્ય કરે છે એને કુદરત પણ સહાય કરે છે. આત્મશ્રધ્ધા, ખંત અને ઉદાર - મનથી જીવન ઉન્નત બને છે. ગતિ અને વિકાસ એ જ જીવનનું મુખ્ય લક્ષણ છે. તેથી સદા સર્વદા સમાધાનભર્યું વલણ અપનાવી આગળ વધતાં રામનાં સેતુબંધનું ઉદાહરણ આપતાં વિવેકાનંદ પેલી ખિસકોલીને યાદ કરે છે, જેણે પોતાના તરફથી એક કિંકર આ સદ્‌ની અસદ્ સુધી પહોંચવાની મહાન ઘટનામાં પોતાનો ફાળો નોંધાવ્યો હતો. તેથી જ તેઓ કહે છે નાનામાં નાનું કામ પણ ઉમદા છે, જો એ સર્વના કલ્યાણ માટે થયું હોય તો.

કેળવણીની વ્યાખ્યા કરતાં તેઓ કહે છે કે, 'જે અભ્યાસથી ઈચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યક્તિ નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય, તે છે કેળવણી.' આમ, ચીલાચાલુ કે સ્થૂલ શિક્ષણનું એમને મન કોઈ મહત્ત્વ ન હતું.

અને વિવેકાનંદના મહાન વિચારોમાંથી કેટલીક કણિકાઓ :

- 'મહાન વૃક્ષની સાથે જ વાયુ જોરથી અથડાય.'
- 'અગ્નિને સંકોરવાથી જ તેની જવાળા વિશેષ નીકળે.'
- ' સર્પના માથા ઉપર પ્રહાર કરવામાં આવે ત્યારે જ તે ફેણ ઊંચી કરે.'

એટલે જ સ્વામી કહે છે કે, 'જયારે હૃદયમાં દુઃખ આવે, જયારે વિષાદના તોફાન ચારે તરફ ઘૂમી વળે, અને હવે પ્રકાશ નહીં દેખાય તેવું લાગે, જયારે આશા અને હિંમત લગભગ નાશ પામ્યાં હોય ત્યારે મહાન આધ્યાત્મિક, ઝંઝાવાતની વચ્ચે અંદર રહેલો બ્રહ્મનો પ્રકાશ ચમકે છે.' એથી જ વિવેકાનંદ કહે છે કે, આત્માને નથી વર્ણ, નથી લિંગ, નથી અપૂર્ણતા... તો પછી કોઈ પણ પ્રકારના ભેદ કે ભ્રમથી મુક્ત રહી અજ્ઞાનતાનાં વાદળોને વિખેરી કાઢીશું તો સૂર્યરૂપી બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ થશે જ. આપણાં ઋષિમુનિઓ, સંતો, સદ્‌પુરૂષોએ આ શોધમાં તો વર્ષોનાં વર્ષો તપ કર્યાં છે. 'રામકૃષ્ણ પરમહંસ' જેવું ચરિત્ર કદી ભારતવર્ષમાં થયું જ નથી એવું દૃઢપણે તેઓ માનતા કારણ કે, રામકૃષ્ણ પરમહંસ દરેક પ્રાણીને સમાન હકો અને વિચારો તથા કાર્યમાં સર્વપ્રકારની સ્વતંત્રતા મળે એની ઉપર ભાર મૂકતાં, કોઈ પણ રીતે અન્યનો ધિક્કાર કે નિંદા ન કરવી, એને હાનિ ન પહોંચાડવી એ માત્ર સંન્યાસીઓનું જ નહીં પરંતુ સર્વે સ્ત્રીપુરૂષોનું કર્તવ્ય છે અને જો આ કર્તવ્ય નિષ્ઠાથી બજાવવામાં આવે તો સમસ્ત જગત શાંતિમય બની જાય.

સત્યનો ઘોષ જ મહાન છે, સત્ય જ જય પામે છે નહિ કે અસત્ય, સત્યમાં થઈને જ દેવયાન માર્ગ વિસ્તરેલો છે. હીરાની ખાણ (પ્રભુનું સ્મરણ) છોડીને કાચના ટુકડા (સાંસારીક માયા) પાછળ ન દોડવાની તેઓ સલાહ આપે છે. જીવન સુંદર છે અને જગત આનંદમય છે. એ આનંદનો લ્હાવો લૂંટવા વિવેકાનંદે દર્શાવેલો માર્ગ જ પરમ ઉધ્ધારક છે!

- પ્રૉ. દક્ષા ભાવસાર

આજે વર્તમાનકાળનું પુનરાવર્તન કરીએ

॥ છઠ્ઠો મણકો ॥

● વર્તમાનકાળનું પુનરાવર્તન : (Recap)

મિત્રો, આપણે અત્યાર સુધીમાં વર્તમાનકાળનાં ત્રણ પ્રકાર શીખ્યા. સાદો વ.કા., ચાલુ વ.કા. અને પૂર્ણ વ.કા. આજે તેનું જરાક પુનરાવર્તન કરી લઈએ અને ત્રણેય કાળનાં મિશ્ર વાક્યોનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં રૂપાંતર કરીએ.

યાદ રાખો :

(૧) સાદા વર્તમાનકાળમાં ત્રી.પુ. એ.વ.નું રૂપ બનાવવા માટે 's' કે 'es' પ્રત્યક્ષ લગાડવો પડે.

(૨) ચાલુ વર્તમાનકાળમાં **to be (am/is/are) + ing** વાળું રૂપ મૂકાય.

(૩) પૂર્ણ વર્તમાનકાળમાં **have/has +** ભૂ.કૃ. મૂકાય.

નીચે કેટલાંક વાક્યોનું રૂપાંતર આપેલ છે તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરો.

૧. મને વાર્તાની ચોપડીઓ બહુ ગમે છે.
I like story-books very much.
૨. જુઓ, પેલી છોકરીઓ દોડી રહી છે.
See, those girls are running.
(**run** માં **n** ની આગળ **u** સ્વર હોવાથી **n** વ્યજન છે માટે બેવડાય.
૩. રમેશ દરરોજ શાળાએ જાય છે.
Ramesh goes to school everyday.
૪. સૂર્ય સવારે ઊગે છે અને સાંજે આથમે છે.
The Sun rises in the morning and sets in the evening.
૫. મેં કદી સિગારેટ પીધી નથી.
I have never smoked a cigarette.
(**To Smoke** = ધુમ્રપાન કરવું)
૬. હું અત્યારે મારું ગૃહકાર્ય કરૂં છું.
I am doing my home-work now.
૭. મેં ક્યારનું મારું ભોજન લઈ લીધું છે.

આવો અંગ્રેજી શીખીએ

- ચેતના ભુચ

૮. તમે અત્યારે ક્યાં જઈ રહ્યાં છો?
Where are you going now?
(**Where** - વ્હેર = ક્યાં - સ્થળ સંબંધી પ્રશ્નાર્થ શબ્દ)
૯. પિતાજી હજી સુધી ઘરે આવ્યા નથી.
Father has not come home still.
૧૦. શું આ કાચ તમે તોડ્યો છે?
Have you broken this glass?
(**To break** = તોડવું)

તો મિત્રો, આમ ઉપરોક્ત વાક્યોનો અભ્યાસ કર્યા બાદ હવે ચાલો તૈયાર થઈ જાવ - નીચેના વાક્યોનું ગુજરાતીમાંથી અંગ્રેજીમાં રૂપાંતર કરવા માટે.

૧. મમ્મી, મેં આ પાઠ વાંચી લીધો છે. (પાઠ = **lesson**)
૨ અમે દરરોજ સાંજે ચાલવા જઈએ છીએ.
૩. રેખાને કેળાં ભાવતાં નથી.
૪. સૂર્ય આપણને પ્રકાશ અને ગરમી આપે છે. (ગરમી = **heat**)
૫. મારી મમ્મી અત્યારે ચ્હા બનાવી રહી છે.
(**To prepare a tea** = ચ્હા બનાવવી)
૬. તમે ક્યારેય આ ફિલ્મ જોઈ છે? (ક્યારેક = **ever**)
૭. ગાય દૂધ આપે છે.
૮. હું દરરોજ શાળાએ જતા પહેલાં દૂધ પીવું છું.
(પહેલાં = **before**) (**To drink** = પીવું)
૯. રેહાના, આજે મારી મમ્મીએ શું રાંધ્યું છે?
(**To Cook** = રસોઈ બનાવવી, રાંધવું)
૧૦. તમે અત્યારે શું કરો છો?
(**What** = શું) (**To do** = કરવું)

આમ, કૌંસમાં આપેલા શબ્દોની (કડીની) મદદથી ઉપરોક્ત વાક્યોનું અંગ્રેજીમાં રૂપાંતર કરો.

પરિચયાત્મક શબ્દો :

આજે સદ્‌ગુણ (**Virtue**) વિષયક કેટલાંક શબ્દોનો પરિચય મેળવીએ.

આનંદમય = **Rept** (રેપ્ટ)
ઉલ્લાસ = **gusto** (ગસ્ટો) ઉત્કંઠિત = **Agog** (એગોગ)
ચપળ = **Agile** ગતિમાન = **Astir**